

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*અનુભવી અર્થશાસ્ત્રીઓ જીએસ્ટી લલકારે છે,*
*ને બધા વેપારીઓ પણ જીએસ્ટી ફટકારે છે*
*ઠપકારે ગ્રાહક-પ્રજા, ‘કર’ કરવતે કપાઈ -*
*બીજાં તો ઠીક હવે તો ‘વર્લ્ડ બેન્ક’ પણ પડકારે છે*

**હાઈકુ**

*હાર્યા છતાંય*
*જુગાર ‘શ્રી’ જેટલી...*
*રમે બમણું...*
*(કરમાઈ બધી કલમો)*

*જીએસટીના*
*બણગાનાં ફુગ્ગામાંથી*
*નિકળી હવા...*
*(પીછેહઠ)*

### ચિંતન

*પુરુષાર્થોડતશબ્દાદિતિ બાદરાયણઃ ।*

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સંસારમાં સૌથી શ્રેષ્ઠ પુરુષાર્થ પરમાત્માની પ્રાપ્તિનો છે. એના જેવા પરમકલ્યાણકારક પુરુષાર્થ બીજો કોઈ જ નથી. એ સંબંધી સઘે શાસ્ત્રો અને સંતપુરુષો સહમત છે.

પરમાત્માની પ્રાપ્તિ રૂપી એ પરમ શ્રેષ્ઠ પુરુષાર્થની સિદ્ધિના સાધન વિશે પોતાને સ્વાનુભવન યુક્ત અભિપ્રાય આપતા ભગવાન વેદવ્યાસ જણાવે છે કે પુરુષાર્થની સિદ્ધિ - બ્રહ્મજ્ઞાનથી જ થઈ શકે છે. બ્રહ્મજ્ઞાન જ એનું સર્વોત્તમ સાધન છે. મુંડલ ઉપનિષદ કહે છે કે ‘બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ બને છે.’

જીવન જીવવાનો પરમ હેતુ આ શરીર થકી ‘પરમ’ની પ્રાપ્તિ માટે આરાધના કરવાનો જ છે પછી એ કર્મયોગ કે ભક્તિયોગ - કે જપ-તપ દ્વારા થઈ શકે એવાં સત્કૃત્યો કરવાં જેથી ‘ઈશ્વર’ ખૂશ રહે. એ જ સાચો પુરુષાર્થ છે.

### સુવિચાર

- સહજ અને સ્નેહનાં સંયોગમાંથી જન્મેલી ક્રિયા એનું નામ ‘સેવા’ - **ડો. વિજળીવાળા**
- જૂઠું બોલવાથી ધન મળી જાય એમ હોય છતાં સાચું બોલવું એ વાણીનું તપ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નાના ગણાતા માણસને મોટો ગણાતો માણસ યોગ્ય આદર આપે ત્યારે નાનો ધન્ય બને છે અને મોટો મહાન બને છે - **આચાર્ય રત્નસુંદરસુરીશ્વરજી**
- યુવાની સ્વેચ્છાચારથી નહીં પણ સ્વચ્છાચારથી શોભે છે - **અમૃતબિંદુ**
- ‘દોસ્તી’ એટલે એવા ખભાનું સરનામું જયાં વગર ટિકીટે ટપાલ પોસ્ટ થઈ શકે છે - **એસ.એમ.એસ.**
- લુચ્ચાઈ એટલે અશક્તિમાન માટે છુપાવવાની જગ્યા - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું, કુંડળીને વળગવું ગમે નહીં, ને ગ્રહો સામે શિર નમે નહીં

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચાલીસેક વર્ષનો યુવાન સંસારથી કંટાળીને આપઘાત કરવા નીકળ્યો. જંગલમાં ઊંચી ટેકરી પરથી કુદકો મારીને જીવનનો અંત લાવવાનું મનમાં નક્કી કરી લીધું. જંગલમાં એક સાધુ જોયા. ઝૂંપડીની બહાર બેસીને ખાખરાના પાનના પતરાળા બનાવતા હતા.

યુવાનને થયું કે જીવનમાં છેલ્લે છેલ્લે સાધુના દર્શન કરી લઉં. સાધુ પાસે બેઠો એટલે સાધુએ પૂછ્યું. ‘ભાઈ કેમ ઉદાસ છો?’ યુવાને કહ્યું, ‘સંસારથી કંટાળીને આપઘાત કરવા નીકળ્યો છું.’ સાધુએ થોડીકવાર મૌન ધર્યું અને પછી કહ્યું, ‘જાઓ, ખુશીથી જાઓ.’ યુવાનને મનમાં હતું કે સાધુ તેને રોકશે, સમજાવશે, મનાવશે... પણ સાધુ એ તો આપઘાતમાં પણ આગળ વધવા કહ્યું...

યુવાન બે મિનિટ બેઠો પછી મન મક્કમ કરી જેવો ઊભો થયો કે સાધુએ કહ્યું, ‘તમે આપઘાત કરવા જાવ જ છો તો મારું એક કામ કરો.’ યુવાને કહ્યું, ‘બોલો શું કામ કરી આપું ?’ સાધુએ કહ્યું, ‘આજે મે પતરાળા બનાવ્યા છે એને આગળ જંગલમાં ફેંકતા જાઓ.’ યુવાને કહ્યું ‘પણ આ પતરાળા તો હજી વપરાયા પણ નથી, બીલકુલ તાજા બનેલા છે એને શું કામ ફેંકી દેવાય ? ત્યારે સાધુએ યુવાનને કહ્યું, તો પછી આમ મદદ થઈ સંસારની દુઃખોની બાબતોમાં વિચલીત થઈ આવા સુંદર દેહને આપઘાત કરવાનું તમને શોભે છે?’

યુવાનને વાત સમજાઈ અને તરત સાધુને ચરણ સ્પર્શ કરી પોતાના ઘર તરફ ચાલતો થયો.

# ‘ઈવીએમ’ સામો મોરચો : બૅલેટનો પુનઃ પ્રવેશ શક્ય

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર સરકાર અને શાસક પાર્ટી ભાજપ સામે ઈવીએમ મશીનોમાં ગરબડ મુદ્દે શરૂથી જ શંકાની સોય તકાતી રહી છે. કોંગ્રેસના ૮૪માં મહા અધિવેશનમાં પણ આ મુદ્દો ઊછળ્યો છે. ભારતીય જનતા પાર્ટીની વિજયકૂચમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાદુ કે ‘વિકાસ’ ના એજન્ડા કરતાં પણ વધુ મહત્ત્વનો ફાળો ઈવીએમ મશીનોનો રહ્યો હોવાની શંકા-કુશંકા પરાકાષ્ઠાએ પહોંચી છે. ઉત્તરપ્રદેશની ઐતિહાસિક જીતમાં આ ઈવીએમની જ કમાલ કામ કરી ગઈ હોવાનું માયાવતી અને મુલાયમ બેઉએ દોષારોપણ કર્યું હતું. આ વખતે માયાવતી અને અખિલેશ યાદવે ગઠબંધન કર્યું અને પરિણામો ભાજપની નામોશી ભરી હારમાં જ પરિણમ્યાં છતાં અખિલેશ યાદવે નિવેદન તો કરી જ દીધું કે જો ઈવીએમ મશીનોની જગ્યાએ બૅલેટથી ચૂંટણી યોજાઈ હોય તો ભાજપ ઉપરની એમના ઉમેદવારોની સરસાઈ ઘણી મોટી હોત. ત્રિપુરામાં થયેલ ચૂંટણીમાં વર્ષોથી ચૂંટાઈ આવતી સામ્યવાદી સરકારના પરાજયમાં આ ઈવીએમ મશીનની ગરબડનો ફાળો હોવાનું ચર્ચાય છે. રાજકારણમાં જીતવું એ જ સૌથી મહત્વની બાબત છે. એ માટે કોઈ પમ જાતના છોછ વગર નૈતિક ધોરણોને નેવે મૂકવામાં રાજકારણીઓને કોઈ રોકી શકતું નથી. આદર્શો અને સિદ્ધાંતો માત્ર પોથીમાંનાં રીંગણાં છે. ઈવીએમ મશીનમાં છેડછાડ થઈ જ ન શકે એવા ચૂંટણી પંચના દાવા સામે પડકાર ઊભા થયા ખરા, કેજરીવાલે એનું જાહેરમાં નિદર્શન પણ કરી બતાવ્યું પરંતુ ચૂંટણી પંચે પોતાની જીદ છોડી નથી. આથી ચૂંટણી પંચ સામે પણ ઘણા પ્રશ્નો ઊભા થયા છે. યેન કેન પ્રકારેણ ચૂંટણી જીતી લેવાની રાજરમતમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની જુગલ જોડીએ વિશ્વવિક્રમ કહી શકાય એવી સ્થિતિ સરજી છે. ચૂંટણી પંચ સામે સુપ્રીમ કોર્ટ કોઈ વાંધો ન લે ત્યાં સુધી ‘ઈવીએમ’ પ્રથાને કોઈ આંછ આવે એમ નથી. ઈવીએમ પદ્ધતિમાં મતદાનથી લઈ મતગણતરી સુધી ગણી અનુકૂળતા છે. વિપક્ષ છૂટાછવાયા હોબાળા કરવાને બદલે ઈવીએમ સામે અસરકારક મોરચો માંડે તો જ શાસક પક્ષ અને ચૂંટણી પંચ આ અનુકૂળ આવી ગયેલી મતદાન પદ્ધતિને બદલીને ફરી પાછી પરંપરાગત બૅલેટ પેપર - મતપત્ર વાળી જૂની પદ્ધતિ સ્વીકારવાનું વિચારવા મજબૂર બનશે. જો નીતિમત્તાનાં ધોરણો જળવાતાં હોય તો ઈવીએમ સામે ઊહાપોહ થયો જ ન હોત. પરંતુ વારંવાર ઈવીએમ મશીનોએ એમનું પોત પ્રકાશ્યું છે અને મત માટે કોઈ પણ બદટન દબાવ્યા છતાં કમળમાં જ મત પડતા હોવાનું કેટલીક જગ્યાએ સાબિત પણ થયું છે. ઈલેકટ્રોનિક મશીનોમાં એકાદ ચીપ નાખી દેવાથી આ શક્ય બની શકે છે. ચૂંટણી દરમિયાન ગણતરીપૂર્વક કેટલાંક બૂથોમાં શાસક પક્ષ કે તંત્ર આવી ગરબડ કરાવી ધાર્યા પરિણામ મેળવ શકે છે. આવું જ થતું રહે તો યાવચ્ચંદ દિવાકરૌ મોદીરાજ અખંડ તપે. આથી ઈવીએમને બદલે જૂની બૅલેટ પદ્ધતિ પાછી લાવવાની માગણી બુલંદ બનવા લાગી છે. ખુદ ભાજપના મહામંત્રી રામ માધવે જો તમામ પક્ષો સર્વસંમતિથી ઈવીએમના વિકલ્પે બૅલેટ પદ્ધતિનો સ્વીકાર કરવા તૈયાર હોય તો એ અંગે વિચારણા કરવાનું વલણ અપનાવ્યું છે.

# સફળતા એ કોઈ પાસ-નાપાસની નાની ગલી નથી પણ લાંબો વિશાળ હાઈ-વે છે



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડો. સંતોષ દેવકર

‘લાશને નીચે ઉતારો’

‘જી, સર’

‘ગળા પરના નિશાનની નોંધ કરો’

‘જી, સર’

‘નમૂનો લેબોરેટરીમાં મોકલી આપો.’ અને ‘લાશને પોસ્ટપોર્ટમ માટે મોકલી દ્યો.’

‘જી, સર.’ પોલીસ ઈન્સ્પેકટર રાઈટર અને હવાલદારને સૂચના આપી રહયાં હતા.

મેગા સીટીના પોશ એરિયાના બંગલા નં. ૪ના ત્રીજા બેડરૂમમાં ધોરણ દસમાં અભ્યાસ કરતા આશાસ્પદ યુવાન નાપાસ થતા પંખા પર લટકી મોતને વ્યહાલ કર્યું હતું. માતાનું આક્રંદ લોકોની આંખો ભીંજવતુ હતુ. એકના એક દીકરાનું આ પગલુ બાપના હૃદયને પણ પીગળાવી ગયુ. ઘરપૈસે ટકે સુખી હતુ. મા-બાપ બન્ને સરકારના ઉચ્ચ હોદ્દા પર હતા. છતાં....!! ‘ખોટુ થયું’ સોસાયટીના લોકો અંદરો અંદર તર્ક વિતર્ક કરી રહયાં હતા. ‘સાત પેઢી વાપરે તોય ન ખૂટે એટલા પૈસા હતા છતાં દીકરાએ આવું પગલું કેમ લીધું ?’ એકઠા થયેલાં લોકો ચર્ચા કરી રહયા હતા.

‘એક બાવીસ વર્ષના યુવાને પરીક્ષામાં ફેલ થતાં ગળે ફાંસો ખાધો.’ પેટે પાટા બાંધી ઉછરેલા યુવાન દીકરાને ગુમાવતાં માતાની હાલત ગંભીર. ‘પ્રેમમાં નિષ્ફળ જતાં એક યુવતીએ પોતાના હાથની નસો કાપી નાખી.’ ‘પરીક્ષામાં નાપાસ થવાના ભયે વિદ્યાર્થીએ કેનાલમાં જંપલાવ્યું.’ ‘નાપાસ થવાના ભયથી બે કિશોરો શાળાએથી ઘરે જવાને બદલો બારોબાર ભાગી ગયા.’

દરરોજ છાપામાં આ પ્રકારના સમાચારો આપણને હલબલાવી મૂકે છે. આ પાસ -નાપાસના ચક્કરમાં કેટલીય જિંદગીઓ કાળના ખપ્પરમાં હોમાઈ રહી છે. નાપાસ એટલે શું ? નાપાસ શબ્દને કારણે અનેક આત્મહત્યાઓ થઈ છે અને થઈ રહી છે. કેટલાય આશાસ્પદોએ જીવન ટૂંકાવ્યું છે. ‘નાપાસ’ શબ્દને હું હૃદયપૂર્વક ધિક્કારું છું. નાપાસ શબ્દ વ્યકિતના દિલો-દિમાગમાં એવી રીતે છવાઈ જાય છે કે ‘પાસ’ થતો જ નથી. ખરેખર તો ‘નાપાસ’ ને બાયપાસ કરી દેવાની તાતી જરૂર છે. કોઈ જાતે નાપાસ થતું નથી. ‘નાપાસ’ શબ્દ વ્યકિતને પાસ થતાં અટકાવે છે. અવરોધો ઊભા કરીને ગતિરોધક બને છે. ‘તું નાપાસ છે’ બોલનાર કે ઉપયોગ કરનાર સામે ફરિયાદ થઈ શકે ? પાસ-નાપાસની ભૂલ ભૂલામણીમાંથી આપણા વિદ્યાર્થીઓને કયારે બહાર કાઢીશું ?

‘નાપાસ’ શબ્દને આજે જરા જુદી રીતે મૂલવવાનો મારો ઈરાદો છે. મારો સૌથી પ્રિય શબ્દ છે : ‘શિક્ષક’ અને મારો સૌથી અણગમતો ને અપ્રિય શબ્દ છે ‘નાપાસ’.

જિંદગીમાં બધા પાસ ન થઈ શકે, તે તો જાણે સમજયાં પણ કોઈ ‘નાપાસ’ કેવી રીતે થઈ શકે ? અથવા કોઈ નાપાસ કરી શકે ? કેમ કરે ? શા માટે કરે ? સફળતાએ કોઈ પાસ-નાપાસની નાની ગલી નથી પણ લાંબો વિશાળ હાઈ-વે છે. આ પંથમાં શકય છે કે કોઈ બે કિં.મી ચાલ્યુ હોય તો કોઈ ચાર કિ.મી. ચાલ્યું હોય, તો કોઈ બાર કિ.મી. સુધીની સફર ખેડી શકયા હોય !

મને એ સમજાવો કે છ કિ.મી.ની સફર ખેડનારની સરખામણીએ ચાર કિ.મી. સુધીની સફર ખેડનાર નાપાસ કેવી રીતે હોઈ શકે ? ગણિતમાં આઠ કિ.મી. ચાલ્યા અને ચિત્રમાં બે કિ.મી. હોય એ નાપાસ કેવી રીતે થઈ શકે ? વકતવ્યમાં પ્રથમ ક્રમાંક હોય અને વિજ્ઞાનમાં ઓછા માર્કસ હોય તો ? વર્ગખંડ વિષયોમાં પાછળ પરંતુ મેદાની રમતમાં અવ્વલ હોય તો ? અંગ્રેજીમાં ૩ કિ.મી. પરંતુ સંગીતમાં દસ કિ.મી. ચાલનારને નાપાસ જાહેર કરી શકાય ? આ બધાજ ભિન્ન ભિન્ન પંથના પથિકો છે. જેમની મંઝિલ અને ક્ષમતા અલગ-અલગ છે. દરેકની ચાલવાની ઝડપ પણ વત્તી -ઓછી હોઈ શકે છે. દરેકનું સર્જકતત્વ જુદુ જુદુ હોય છે. વર્ગખંડના વિષયોમાં કદાચ પાછળ હોય પરંતુ જીવન વ્યવહારમાં સદાય આગળ હોય તેવું હોઈ શકે.

તેથી કોઈપણ -કયારેય પણ નાપાસ ન હોઈ શકે ! દરેક જણ પોતાની ક્ષમતા મુજબ સફળતાનો પંથ કાપતા રહે છે. આ બધા જ સફળતાને પામનારા રાહગીર છે. મંઝિલ સુધી પહોંચનારા સાહસિકો છે. તેમને આદર આપીએ અને ‘નાપાસ’ શબ્દને તિલાંજલી આપીએ. (શિક્ષક સંમેલનમાં આપેલ વ્યાખ્યાનનો ટૂંકસાર )

***મિસરી***

કેળવણીનું મુખ્ય કામ દરેક માણસની
અંદર રહેલા સર્જકતત્વને સક્રિય બનાવવાનું છે.’

- ઉમાશંકર જોશી

- santoshdevkar03@gmail.com

# દુનિયા કા ડર નહીં, જો તુજે ઉડને સે રોકે હૈ, કૈદ હૈ તું અપને હીં, નજરિયે કે પિંજરે મેં...



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

**પરેશાન ન હુઆ કરો સબ કી બાતો સેં...**
**કુછ લોગ બકવાસ કરને કે લિયે હી જન્મ લેતે હૈ...**

આજકાલથી નહીં પરંતુ સદીઓથી આપણે બીજા શું વિચારશે કેવું બોલશે, તેની જ ફિકરમાં રહેતા આવ્યા છીએ.

ખબર છે ? કોયલ હંમેશા આઝાદ કેમ હોય છે અને પોપટ હંમેશા પિંજરામાં કેમ હોય છે ? કારણ કે કોયલ પોતાની ભાષા બોલે છે, અને પોપટ હંમેશા બીજાની ભાષા બોલતો હોય છે... માટે હંમેશા પિંજરામાં ગુલામ બનીને રહી જાય છે... માટે જ પોતાની ભાષા, પોતાના વિચાર અને પોતાની જાત પર વિશ્વાસ કરવાનું શીખવાનું છે...

આપણે એ સમજવું જ રહ્યું કે આ કળયુગ છે અહીં જૂઠનો સ્વિકાર કરવામાં આવે છે, અને સત્યનો શિકાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે આપણને બાળપણથી જ એવા સંસ્કાર આપવામાં આવે છે કે આપણી કલ્પના શકિતનું બાળમરણ થઈ જાય... ચકી ચોખાનો દાખો અને ચકો મગનો દાણો લઈ આવે આવી વાર્તા શિશુમાંથી કિશોર અવસ્થામાં આવતા સુધીમાં તો હવા થઈ જાય છે. વાસ્તવિકતાની દુનિયા સાથે પનારો પાડી ચૂકેલ બાળક પોતાની કલ્પના શકિત ખીલવી શકતો નથી...

માછલી તો નદીમાં જ હોય તેને આકાશમાં ઉડતી થોડી બતાવાય ? પક્ષી તો આકાશમાં જ ઉડે તેને પાણીમાં તરતા થોડા બતાવી શકાય ?

બસ આ જ સમજદારી આપણા મસ્તિષ્કની એ કલ્પના વાતાયનનો સજજન બાંધન કરી દે છે, અને માટે આપણે કયારેય જીવનમાં ‘આઉટ ઓફ ધી બોકસ’ કયારેય વિચારી શકતા નથી...

એવું નથી કે આપણને ચમત્કાર જેવું કાંઈ પસંદ નથી, જાદુઈ દુનિયા તો ખૂબ પસંદ છે, પરંતુ આપણી ઉપર થોપી દેવામાં આવેલી સો કોલ્ટ સમજ આપણને રીએકટ કરતા, અટકાવે છે નહીંતર હજી પણ ‘દિલ તો બચ્ચા હૈ જી...’ વાળો એટિટયુટ કયાંક જીવિત છે ખરો.... તો જ હેરી પોર્ટરની જાદુઈ દુનિયાની સફર આપણને રોમાંચિત કરી જાય... અને તો જ આપણે નાર્નીયા ને પણ મજાથી માણી શકતા હોઈએ...

આ જ વાત સાક્ષી પૂરે છે કે, આપણે કલ્પનામાં, મિરેકલમાં વિશ્વાસ તો કરવા માગીએ છીએ પરંતુ વાસ્તવિકતાની બેડીઓ એ આપણા પગ અને મન બંનેને રોકી રાખ્યું છે.

દુનિયા કા ડર નહીં,
જો તુજે ઉડને સે રોકે હૈ,
કૈદ હૈ તૂ અપને હી,
નજરિયે કે પિંજરે મેં...

આપણે કેટલા સાચા છીએ અને કેટલા ખોટા છીએ તે માત્ર બે જણ, કહી શકે છે... પહેલો તો ‘ઈશ્વર’ અને બીજી આપણી ‘અંતરાત્મા’... પરંતુ મજાની વાત એ છે કે આપમે બંને દેખાતા નથી...

જિંદગી જબરદસ્ત છે... તેણે જબરદસ્તી નહીં પરંતુ જબરદસ્ત રીતે જીવી જાણવાની છે...

આ ખૂબ ખતરનાક રમત છે... આપણે આપણું વ્યકિતત્વ કોઈકની નજરો પ્રમાણે બનાવવાની મથામણ કરતા રહીને પોતાની નજર પ્રમાણે તો જીવતા જ નથી... અને ધીરે ધીરે આપણે આપણી જાતનો જ છેતરતા થઈ જઈએ છીએ.

‘માણસ, માણસ થઈને નહીં પરંતુ સમાજ થઈને જીવવાનો યત્ન કરે છે... અંગતમાં પોતાની પાસે પ્રગટ થાય છે, તે જ એનો ચહેરો અને ચારિત્ર્ય છે. બીજાઓ આગળ તો એ માત્ર સામેવાળાની ડિમાન્ટ પ્રમાણેનો જ બનાવામાં અને દેખાવામાં રહી જાય છે...’

શું કરવું ? કેમ કરવું? કોને દેખાડવા કરવું ? આ બધા પ્રશ્ન આપણા દિમાગની જણસ બની બેસે છે. આમાં આપણા દિલની ધ્વનિ તો આપણે અનસૂની જ કરતા હોઈએ છીએ.

આપણે કોઈકને ગમે તેવા પુત્ર, કોઈકને ગમે તેવા પતિ, કોઈકને ગમે તેવો મિત્ર, કોઈકને ગમે તેવા વ્યક્તિ બનવાના પ્રયત્નો કરતા રહેવામાં આપણે આપણને ગમે તેવા તો કયારેય બનતા જ નથી...

‘કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના...’ ગીત ‘પ્રેમપૂજારી’ પિકચરમાં દેવાનંદે વર્ષો પહેલાં ગાઈ લીધું પરંતુ હજી આપણે સમજી શકયા નથી...


લગ્નમાં મોટો ખર્ચ તો કરવો જ નથી હો ! ‘દિલ તો આવું ક્રાંતિકારી પગલું ભરવાનું વિચારતું હોય છે પરંતુ પછી લોકો શું કહેશે ? સમાજ શું કહેશે ની બીક આપણા આગવા વિચારોને ડામી દે છે...’

દસમાં ધોરણમાં ૯૦% ભલે આવ્યા, પરંતુ મારે તો આટ્ર્સ જ લઈને ભાષા ઉપર કામ કરવું છે.... પણ ના ! ના! એવું તો કરાય? લોકો શું કહેશે... હસશે મારા ઉપર... ના ! ના ! ... અને આપણે પંચતંત્રની પેલી પ્રસિદ્ધ વાર્તા ભૂલી જઈએ છીએ કે... ‘લોકો તો ઘેટાનું કૂતરું અને કૂતરાનું ઘેટું કરવા વાળા જ રહેવાના છે...!’ આપણે આપણો રસ્તો અલગ કંડારવાનો છે...

અને આપણે ભણતરની માંડીને લગ્ન અને નોકરી, કારકિર્દી બધું જ બીજાની નજરો પ્રમાણે કરવાના ચક્કરમાં બધે જ એડજસ્ટ કરતા ફરીએ છીએ... મોજથી જીવવું હોય તો... પોતાની વાત સાંભળો.... હા ! તેમા રિસ્ક જરૂર છે, પરંતુ કદાચ નિષ્ફળતા સાંપડશે તો એટલો તો દિલાસો જરૂર રહેશે કે... નિર્ણય મારો હતો... અને સફળતા મળશે તો - ‘જોયું ને ! મેં કહ્યું તેમ કર્યું એટલે પરિણામ મળ્યું ને !’ તેમ કહીને ભાગ પડાવનારા નહીં આવે... પસંદગી આપવાની છે... લોકોના ઈશારે બેબી સ્ટેપ ભરી ભરીને જિંદગી જીવવી છે કે... પોતાની મરજી ઉડતા શીખવું છે?

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ઉજવણીનો આનંદ બહુજન સુધી પહોચે એ જ તેની યથાર્થતા



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

‘‘પપ્પા-મમ્મીના દાંપત્ય જીવનની આપણે અનોખી ઉજવણી કરવી છે.’’ દર્શકે પત્ની રીનાને કહ્યું એન તેમાં ઉમળકાપૂર્વક સૂર પુરાવતા અને તેમાં ઉમળકાપૂર્વક સૂર પૂરાવતા પપ્પા-મમ્મીને ખબર ન પડે એમે રીના પણ દાંપત્ય જીવનના ૫૦ વર્ષની ઊજવણી દ્વારા પપ્પા-મમ્મીને યાદગાર ભેટ આપવામાં જોડાઈ ગઈ.

વાત છે ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ રમેશભાઈ શાહ અને તેમના પત્ની વસુમતી બહેનના મધુર દાંપત્ય જીવનના ઉજવણીના અવસરની.

‘દર્શકે વિચાર્યું કે માણસ મૃતયુ પામે પછી તેનો પરિવાર દાન-ધર્મ કરે એમ નહિ, પરંતુ અમારે તો આ અવસરે જ યોગ્ય જગ્યાઓને દાન આપીને મા-બાપનો રાજીપો લેવો છે.’ રમેશભાઈ વાત કરતા કહે છે અને ઉમેરે છે કે અમને બેઉને તો ફંકશનમાં લઈ ગયા ત્યારે ખબર પડી કે આવી સુંદર ઉજવણી થવાનાની છે.

મધુસીલીકા કંપની જગવિખ્યાત છે અને રમેશભાઈ એના ચેરપર્સન છે. એમનું યોગદાન અનેક સંસ્થાઓમાં રહ્યું છે. સરળ - સારલ અને હરમુંખું - પ્રેમાળ એવું વ્યક્તિત્વ એમનું રહ્યું છે. સંગીતના કાર્યક્રમોમાં ટિકીટ પોતાની તો ખરીદે, મિત્રોને પણ સાથે લઈને આવે અને કલાકારોને બિરદાવે. એમના લગ્ન જીવનની સુવર્ણ જયંતિની ઉજવણી નિમિત્તે દીકરા - વધુએ રૂા. ૫૦ લાખની રકમનું દાન વિવિધ સંસ્થાઓને કર્યું હતું.

આ અવસરે એક વિશેષ, કાર્યક્રમનું આયોજન કરાયું. દાદા સાહેબ જૈન દેરાસરમાં. પૂજ્ય જયઘોષ સૂરીશ્વરજી મહારાજના સમુદાયના આચાર્ય ભગવંત મેઘવલ્લભસુરીશ્વરજી, આચાર્ય ભગવંત ઉદયવલ્લભસૂરીશ્વરજી, આચાર્ય ભગવવંત હૃદયવલ્લભસૂરીશ્વરજી નિશ્રામાં બહુ જ ટૂંકો મુદ્દાસરનો કાર્યક્રમ સંપન્ન થયો.

પરફેક્ટ યુથ સેશન શિખર દરમિયાન યોજાયેલા કાર્યક્રમમાં બે હજાર જેટલા યુવાનો ઉપસ્થિત હતા. જેમણે આ પ્રેરણાત્મક કાર્ય નિહાળ્યું.

ભાવનગર શહેરની ઓળખ અહીંની સામાજિક સંસ્થાઓ છે. સાતત્યપૂર્ણ રીતે રમેશભાઈ આવી અનેક સંસ્થાઓ સાથે આત્મીયતાથી જોડાયેલા રહ્યા છે. આ અવસરે સામાજિક ક્ષેત્રે - માનવતાના ક્ષેત્રે - જીવદયાના ક્ષેત્રે - સાધર્મિક ભક્તિના ક્ષેત્રે કામ કરતી પંદર જેટલી સંસ્થાઓને તેઓએ દાન આપ્યું હતું.

ભાવનગર શહેર સમસ્તના ઉપાશ્રયોની વ્યવસ્થા સંભાળી રહેલા સ્ટાફ અને પોતાની કંપનીના ૨૨૦૦ માણસોને હરખરુપે મીઠાઈના બોક્સ વહેંચ્યા હતા. જૈન ધર્મનું શિક્ષણ આપણી ધાર્મિક પાઠશાળાઓના ૧૪૫ જેટલા શિક્ષકોને પણ સન્માનિક કરાયા હતા. કાર્યક્રમ સંચાલન કરી રહેલા મનીષભાઈએ રમેશભાઈની સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી.

મધુસીલીકા કંપનીનું કાર્યક્ષેત્ર એક સમયે કચ્છમાં પણ હતું, હાલ ભાવનગરમાં વરતેજ જીઆઈડીસી અને ચિત્રામાં એમની ફેકટરી આવેલી છે. ૫૦ દેશોમાં એમની પ્રોડક્ટ એક્સપોર્ટ થાય છે. ૧૯૭૦માં શરુ થયેલ કંપની એની પ્રોડકશન કેપેસીટીમાં ભારતમાં પ્રથમ અને વિશ્વમાં ત્રીજા ક્રમે છે એમ કહેતા રમેશભાઈ આનંદ અનુભવે છે. ૧૪ ઓગસ્ટ, ૧૯૪૫માં ભાવનગરમાં જ જન્મેલા હાયર એજ્યુકેશન મુંબઈથી મેળવી તેઓ ભાવનગરમાં જ સેટલ થયા છે. કવિતા - સંગીત - જૈન ધર્મ સાહિત્ય - ચિત્રો વગેરે જેવા વિષયોનાં શોખ ધરાવનાર રમેશભાઈ અને વસુમતી બહેનના પરિવારે લીધેલું સુંદર પગલું અન્ય માટે પણ પ્રેરક બની રહ્યું.

જન્મદિવસ અને લગ્ન દિવસ જેવા અનેક મહત્ત્વપૂર્ણ દિવસો લોકો પોતાના રસ-રુચિ અનુસાર ઉજવતા રહે છે. સ્વાભાવિક રીતે એમાં જે - તે વ્યક્તિ કે પરિવારનો આર્થિક દબદબો અને સામાજિક માન-મોભો અભિવ્યક્ત થતા હોય છે. કેટલાક પરિવારો આવી વિશિષ્ટ રીતે ઉજવણી કરીને ઉજવણીના ઉલ્લાસમાં માનવતાને - કરુણતાને - દાનને - ધર્મને પણ જોડે છે. ત્યારે એ વિશેષ મહત્ત્વપૂર્ણ ઉજવણી બની જાય છે.

ઉજવણીનો આનંક કે ઉલ્લાસ પછી એ વ્યક્તિગત હોય કે સામૂહીક, એમાં સમાયેલા આનંદ જયારે બહુજન સુખાય - બહુજન હિતાય સુધી પહોંચે ત્યારે એનો આનંદ વધુ રેલાય છે.

અમીર વધુ અમીર બની રહ્યા છે અને ગરીબ વધુ ગરીબ બની રહ્યા છે, વચ્ચે આવતો મધ્યમવર્ગ આર્થિક રીતે બે - છેડા માંડ ભેગા કરી રહ્યો છે સેવા સમયે આવી ઉજવણી એ ફાગણની ઝાળઝાળ સુક્કી વેળામાં કયાંક શીતળ વૃક્ષના છાયડાં જેવી છે. આવા દશ્યો સેવાના - સદગુણના ને સંસ્કારના અજવાળા પાથરે છે.